(૨) જો ગુણવત્તા ચકાસણીમાં કામની એકંદરે ગ્રેડ "SRI" (Satisfactory but require improvemen મળશે તો જે તે આઇટમમાં "SRI/U" ગ્રેડ મળેલ છે એ આઇટમની સુધારણા ટેન્ડરમાં જણાવેલ સ્પેશીફીકેશન મુજબ કરી એની "ATR" (Action Taken Report) સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીએ તૈયાર કરી જે તે ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીની ફરીથી સ્થળ મુલાકાત કરાવશે અને ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી પૂર્તતા સાથે સહમત હોય તો અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી. ગુણવત્તા નિયમન વિભાગને સાદર કરશે. અધિક્ષક ઇજનેરશ્રી. ગુણવત્તા નિયમન વિભાગ પૂર્તતા અહેવાલ યોગ્ય હશે તો રીગ્રેડ એટલે "SRI/U" માંથી "S" માટે ભલામણ કરશે. ત્યારબાદ સદરહુ પૂર્તતા અહેવાલ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી મારફત સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીને સાદર કરવાનો રહેશે. સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીએ સદરહુ "ATR" મુખ્ય ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગને પૂર્તતા ગ્રાહય રાખી "S" ગ્રેડીંગ આપવા માટે ભલામણસહ સાદર કરવાનો રહેશે. <u>ગુણવત્તા નિયમન વિભાગમાંથી પૂર્તતા ગ્રાહય રાખી "S" ગ્રેડીંગનું પ્રમાણપત્ર મળ્યા બાદ જ આ આઇટમનું બાકીનું ચૂકવણું કરવાનું રહેશે.</u>

(૩) ગુણવત્તા ચકાસણીમાં કામની એકંદરે ગ્રેડ 'U' (unsatisfactory) મળશે તો જે તે આઇટમમાં 'SRI/U' મળેલ છે એ આઇટમમાં સુધારણા અથવા Reconstruction (આઇટમ ફરીથી કરવી) ટેન્ડરમાં જણાવેલ સ્પેશીફીકેશન મુજબ કરી એનો "ATR" સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીએ તૈયાર કરી જે તે ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીની ફરીથી સ્થળ મુલાકાત કરાવશે અને ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી પૂર્તતા સાથે સહમત હોય તો અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી. ગુણવત્તા નિયમન વિભાગને સાદર કરશે. અધિક્ષક ઇજનેરશ્રી. ગુણવત્તા નિયમન વિભાગ પૂર્તતા અહેવાલ યોગ્ય હશે તો રીગ્રેડ એટલે "SRI/U" માંથી "S" માટે ભલામણ કરશે. ત્યારબાદ સદરહુ પૂર્તતા અહેવાલ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી મારફત સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીને સાદર કરવાનો રહેશે. સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીએ સદરહુ "ATR" મુખ્ય ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગને પૂર્તતા ગ્રાહય રાખી "S" ગ્રેડીંગ આપવા માટે ભલામણસહ સાદર કરવાનો રહેશે. <u>ગુણવત્તા નિયમન વિભાગમાંથી પૂર્તતા ગ્રાહય રાખી "S" ગ્રેડીંગનું પ્રમાણપત્ર મળ્યા બાદ જ સમગ્ર કામનું બાકીનું ચૂકવણું કરવાનું રહેશે.</u>

ઉપરોકત સુચનાનો અમલ યુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.ચો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

<u>બિડાણ:-</u>
(૧) રસ્તા, પુલ અને મકાનના કામોની ગુણવત્તા ચકાસણી માટેના નિયત પત્રકો
(૨) એ.ટી.આર.નું નિયત પત્રક